M

— COPY —

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**
(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone** : +91-02836-220977, 220735 • **Mobile** : 99250 37814 • **Fax** : 220888
**e-mail** : info@gccikandla.com • **Website** : www.gccikandla.com

No. GCCI / 370

તા. ૧૪.૧૧.૨૦૧૭

શ્રીમતી મમતા વર્મા,
આઇ.એ.એસ,
ઇન્ડસ્ટ્રી કમિશનરશ્રી,
ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧, ૨જે માળે,
ઉદ્યોગ ભવન,
ગાંધીનગર-ગુજરાત ૩૮૨ ૦૧૦

વિષયઃ- આમંત્રણ - કંડલા ગાંધીધામ સંકુલ અને કચ્છ જિલલાના એમ.એસ.એમ.ઇ ઉદ્યોગોને લગતા પ્રશ્નો બાબતે આપની અધ્યક્ષતામાં બેઠકનું આયોજન કરવા બાબતે

માનનીય બહેનશ્રી,

આપ વિદિત જ છો કે, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી છેલલા પાંસઠ વર્ષથી કંડલા-ગાંધીધામ વિસ્તારના વેપાર ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓને કેન્દ્ર તથા રાજ્ય સ્તરે લઇ જઇ તેમની વચ્ચે એક સેતુ તરીકે કાર્ય કરે છે.

આ સંદર્ભે જણાવવાનું કે, અમો માઇક્રો, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને લગતી વર્તમાન નીતિઓ, તેને મળતાં લાભો અને કંડલા ગાંધીધામ સંકુલ ઉપરાંત કચ્છ જિલલાને લગતા પ્રશ્નોના નિરાકરણ અંગે આપની અધ્યક્ષતામાં લાગતા વળગતાં આપના ખાતાના ઉચ્ચ અધિકારીઓ અને સંલગ્ન એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે ગાંધીધામ ચેમ્બર મધ્યે એક મીટીગનું આયોજન કરવા માંગીએ છીએ, જેથી કચ્છના ઉદ્યોગકારો અને વેપારી આલમને MSME સેકટરની પ્રવર્તમાન સરકારી નીતિઓ અને લાભો વિષે અવગત કરી શકાય.

આ સંદર્ભે અમે આપને ગાંધીધામ ચેમ્બરની મુલાકાતે આવવા સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ અને આપની મુલાકાત તેમજ મીટીગની તારીખ અને સમયની આગોતરા જાણ કરશોજી, જેથી અમો એમએસએમઇ સેકટરના ઉદ્યોગોને જાણ કરી આપના માર્ગદર્શનનો લાભ લેવા આમંત્રણ આપી શકીએ.

આપના ત્વરિત પ્રત્યુતરની અપેક્ષા સહ,

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(મુરલીધર બી. જગાણી)
માનદ મંત્રી